# પ્રદક્ષિણા કરતી વખતે દેવતાની પાછળ થોભીને નમસ્કાર કરવા પાછળનું શાસ્ત્ર

**નિર્ગુણ તત્ત્વનો લાભ થવો :** ગભારના પાછળના ભાગમાં ઈશ્વરનું સમષ્ટિ ચૈતન્ય નિર્ગુણ સ્તર પર ૫૦ ટકા જેટલા પ્રમાણમાં કાર્યરત હોય છે. જીવ દ્વારા કરવામાં આવતી દરેક કૃતિનો હેતુ ઈશ્વરના નિર્ગુણ રૂપ તરફ જવાનો હોવાથી જીવે પ્રદક્ષિણા કરતી વખતે નિર્ગુણ સ્થાને નમસ્કાર કરવાથી જીવને નિર્ગુણ તત્ત્વનો લાભ થઈને જીવની નિર્ગુણ તરફ વધારે ગતિએ પ્રવાસ થવાની શરૂઆત થાય છે. અનિષ્ટ શક્તિની તીવ્ર તકલીફ રહેલા જીવે આ સ્થાને નમસ્કાર કરવાથી ઈશ્વરના સમષ્ટિ માટે કાર્યરત રહેલા ચૈતન્યને કારણે અનિષ્ટ શક્તિને ત્રાસ થઈને ક્યારેક અનિષ્ટ શક્તિનું પ્રકટીકરણ થાય છે.

**જીવના 'સૂર્યનાડી થી ચંદ્રનાડી' આ પ્રવાસની વચ્ચે સુષુમ્ણાનાડી શરૂ થવી**

**સંકલક :** પ્રદક્ષિણા કરતી વખતે સામી બાજુએ નમસ્કાર કરવા અને પાછળની બાજુએ પણ નમસ્કાર કરવા, એવું તમે કહ્યું છે. એવું કરવાથી પ્રદક્ષિણાના સહેજક્રમમાં અડચણ નહીં આવે શું ?

**એક જ્ઞાની :** નહીં. પ્રદક્ષિણા કરતી વખતે જીવનો પ્રવાસ વામ બાજુએથી શરૂ થવાથી જીવની સૂર્યનાડી જાગૃત થાય છે. વામ બાજુએથી કુશ બાજુ તરફ જીવનો પ્રવાસ શરૂ થવાથી જીવની સૂર્યનાડીનો ઉર્જાપ્રવાસ એ સુષુમ્નાનાડીની અલ્પ સમયગાળાની જાગૃતિના માધ્યમથી ચંદ્રનાડીની જાગૃતિ થવા તરફ વળે છે. જીવની નાડીબંધીનું આ હસ્તાંતર ધીરે ધીરે થયું હોવાને લીધે જીવની સાધનામાં અડચણ આવતી નથી. જીવ તરફથી પ્રદક્ષિણા કરતી વખતે પ્રવાસ સતત ચાલુ રહેતો હોવાને લીધે જીવનો નાડીબંધ તરત છૂટીને તરત જોડાય છે. તેને લીધે જીવની ત્રણે નાડીઓની એકત્રિત જાગૃતિ ન થઈપે સૂર્યનાડી તરફથી ચંદ્રનાડી તરફ જીવનો નાડીપ્રવાસ થાય છે.

દેવતાની મૂર્તિના નિર્ગુણ વ્યાસના કક્ષામાં જીવે ઉભા રહીને નમસ્કાર કરવાથી જીવની મનઃશક્તિને આધારે દેહમાં સંક્રમિત થનારું ચૈતન્ય સુષુમ્નાનાડી તરફ પ્રક્ષેપિત થાય છે. સ્થાનમહાત્મ્યને આધારે જીવને નિર્ગુણ ચૈતન્ય તરંગોનો લાભ થઈને જીવની સુષુમ્નાનાડીની તરત જાગૃતિ થઈને જીવ દ્વારા આગળનો પ્રવાસ શરૂ થાય છે. પ્રદક્ષિણાના નિર્ગુણ-સગુણ કક્ષામાં આવવાથી જીવની સુષુમ્નાનાડી શરૂ થઈને ચંદ્રનાડીની જાગૃતિ સહેજતાથી થઈને જીવનો પ્રવાસ સહજતાથી ચાલુ રહે છે.

**૫૦ ટકાથી વધુ (આધ્યાત્મિક) સ્તરના જીવે પાછળની બાજુએ પણ નમસ્કાર કરવા આવશ્યક નથી :** 'જીવનો સ્તર ૫૦ ટકાથી વધુ હોય તો જીવે પાછળની બાજુએ નમસ્કાર ન કર્યા તો પણ જીવને સરખા જ પ્રમાણમાં લાભ થાય છે.'

**સંકલક :** જીવનો સ્તર ૫૦ ટકાથી વધુ હોય તો કાંઈ જ ફરક કેમ પડતો નથી ?

**એક જ્ઞાની :** જીવનો સ્તર ૫૦ ટકાથી વધુ હોય તો જીવની સુષુમ્નાનાડી સંવેદનશીલ થઈને ચૈતન્યના સંપર્કમાં આવીને ચૈતન્યના સંક્રમણના આધારે તુરંત જાગૃત થાય છે; એટલે ૫૦ ટકાથી વધુ સ્તરનો જીવ સહેજતાથી ચૈતન્ય ગ્રહણ કરીને તેનું પ્રક્ષેપણ કરી શકે છે. પ્રદક્ષિણા કરનારા જીવનો સ્તર ૫૦ ટકાથી વધુ હોય તો જીવની સુષુમ્નાનાડી પ્રદક્ષિણાની સગુણ-નિર્ગુણ કક્ષામાં આવીને જાગૃત ન થઈને દેવદર્શનથી જ જાગૃત થાય છે. એટલે જીવે થોભીને સૂર્યનાડીના આધારે સંક્રમિત થયેલ ઉર્જાને (નમસ્કાર જેવી સગુણ ક્રિયામય દશ્યાત્મક કૃતિને દ્વારા તથા મનઃશક્તિના આધારે) એકત્રિત કરીને સુષુમ્નાનાડી તરફ પ્રક્ષેપિત ન કરી, તો પણ જીવના દેહમાં સંક્રમિત થનાર ચૈતન્યના આનુષંગે સૂર્યનાડી ચાલુ થઈને સુષુમ્નાનાડી તરફ ચૈતન્યનું સંક્રમણ થઈને સુષુમ્નાનાડી તરફથી તુરંત ચંદ્રનાડી તરફ ચૈતન્યનું પ્રક્ષેપણ થવાનું ચાલુ થાય છે; એટલે જીવે નમસ્કાર જેવી બાહ્ય કૃતિ ન કરી, તો પણ ચાલે.

**પ્રદક્ષિણા કરતી વખતે મંદિરના ગભારને બહારની બાજુએ સ્પર્શ કરવું અયોગ્ય**

**સંકલક :** ઉત્તર ભારતમાં અને ગોવામાં અનેક જણ પ્રદક્ષિણા કરતી વખતે મંદિરના ગભારને બહારની બાજુએ સ્પર્શ કરે છે. એમ કરવું યોગ્ય કે અયોગ્ય ?

**એક જ્ઞાની :** અયોગ્ય. મંદિરનો ગભાર ઈશ્વરના સંચારિત ધર્મરૂપી તત્ત્વોના સગુણત્વનું દર્શક હોય છે. મંદિરના ગભારને સ્પર્શ કરવો, એટલે સગુણત્વ સાથે સંપર્ક રાખીને નિર્ગુણ તરફ ન જતા સગુણત્વના દશ્ય રૂપમાં અટકી જઈને સગુણત્વમાં રહેલ ઈશ્વરી તત્ત્વ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એવી કૃતિ કરવી એ અધ્યાત્મના સિદ્ધાંત 'સ્થૂળથી સૂક્ષ્મ તરફ જવું' એનાથી ઊલટું હોવાને લીધે એવી કૃતિ ન કરતાં બન્ને હાથ નમસ્કાર મુદ્રામાં અને બન્ને હાથ અનાહતચક્ર સાથે લગાડીને પ્રદક્ષિણા કરવી. આ રીતે પ્રદક્ષિણા કરવાથી જીવને બ્રહ્માંડમાં સંચાર થતા ચૈતન્યનો લાભ થાય છે.

**અનિષ્ટ શક્તિઓનો તીવ્ર ત્રાસ હોનારા વ્યક્તિઓએ મંદિરના ગર્ભગૃહમાં કાળી શક્તિનો સંગ્રહ કરવા માટે ગભારને સ્પર્શ કરવો :** ગભારને સ્પર્શ કરવો એ કૃતિ ઘણું કરીને અનિષ્ટ શક્તિઓનો તીવ્ર ત્રાસ રહેલા જીવ તરફથી કરવામાં આવે છે. આ પ્રકારની કૃતિ કરનાર અનિષ્ટ શક્તિઓનો ઉદ્દેશ મંદિરના ગર્ભગૃહમાં કાળી શક્તિનો સંગ્રહ કરવાનો હોય છે; એટલે પ્રદક્ષિણા કરતી વખતે સગુણ-નિર્ગુણ અથવા નિર્ગુણ-સગુણ ભાગોમાં જ જીવ તરફથી ગભારને સ્પર્શ કરીને કાળી શક્તિનો સંગ્રહ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.'

**પ્રત્યેક પ્રદક્ષિણા પછી ભગવાનને નમસ્કાર કરીને પછી જ આગલી પ્રદક્ષિણા શું કામ કરવી ?**

'પ્રત્યેક પ્રદક્ષિણા પછી ભગવાનને નમસ્કાર કરીને પછી જ આગલી પ્રદક્ષિણા કરવી. દેવતાની મૂર્તિના પ્રત્યક્ષ દર્શન લેવાથી ભાવ જાગૃત થવામાં મદદ થાય છે. બન્ને હાથના અંગૂઠા ભ્રૂમધ્યના ઠેકાણે ટેકવીને નમસ્કાર કરતાના દેવતા તરફથી મળનારું ચૈતન્ય સંપૂર્ણ શરીરમાં સંક્રમિત થાય છે, તેમ જ નમસ્કાર પછી હાથ નીચે કરતી વખતે બન્ને હાથના કાંડા છાતીને ઠેકાણે ટેકવવાથી અનાહતચક્ર જાગૃત થઈને ભાવ અવસ્થા ટકવામાં મદદ થાય છે. આથી પ્રદક્ષિણાનું સંપૂર્ણ ફળ મળે છે. (ભગવાનને નમસ્કાર કરવાની યોગ્ય પદ્ધતિ વિષે વિસ્તારપૂર્વક જાણકારી લઘુગ્રંથ - 'નમસ્કારની યોગ્ય પદ્ધતિ'માં આપી છે.) **(સંદર્ભ : સનાતનનો આગામી ગ્રંથ - 'દેવાલયમાં દર્શન કેવી રીતે કરવું ?')**

## મંદિરોના સંચાલકો, દર્શનાર્થીઓની સાધના પર ધ્યાન આપો !



''ઉત્સવોમાં કેટલા આવ્યા, કેટલા લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો, આ મહત્ત્વપૂર્ણ નથી. મંદિરમાં આવનારાઓમાંથી કેટલા લોકોએ સાધના શરૂ કરી ? કેટલા લોકોએ અધ્યાત્મમાં પ્રગતિ કરી, એ મહત્ત્વપૂર્ણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરો !'

- પ.પૂ. ડૉ. જયંત આઠવલે

**મંદિરમાં આવનારા શ્રદ્ધાળુંઓને ધર્મશિક્ષા કેવી રીતે આપવી ? એ જાણવા માટે સનાતન સાથે સંપર્ક કરવો. સનાતન દ્વારા વિવિધ માધ્યમોથી ધર્મશિક્ષા આપવામાં આવે છે. આજ સુધી અનેક મંદિર સમિતિઓએ તેમજ દર્શનાર્થીઓએ એનાથી લાભ લીધો છે.**

# પ્રદક્ષિણા કરતી વખતે ચાલવાની ગતિ કેવી હોવી જોઈએ ?

વિવિધ ગતિની પ્રદક્ષિણા કરવાના ફાયદા અને નુકસાન નીચે પ્રમાણે છે.

**જલદ ગતિએ પ્રદક્ષિણા કરવી**

૧. જલદ ગતિએ પ્રદક્ષિણા કરવાથી દેવતાના તારક અને મારક લહેરોમાંથી મારક લહેરો કાર્યરત થાય છે. મનુષ્યની પ્રકૃતિના તારક, તારક-મારક સંયુક્ત અને મારક એમ ત્રણ પ્રકાર છે. સામાન્યરીતે મનુષ્યની પ્રકૃતિ તારક-મારક સંયુક્ત હોવાથી ફક્ત મારક તત્ત્વની લહેરોનો તેને વિશેષ ફાયદો થતો નથી.

૨. મોટા ભાગના લોકોને અનિષ્ટ શક્તિઓનો ત્રાસ ઓછાં-વત્તા પ્રમાણમાં હોય જ છે. અનિષ્ટ શક્તિઓનો તીવ્ર ત્રાસ રહેલી વ્યક્તિમાં અનિષ્ટ શક્તિ પ્રકટ થાય છે, તેમજ તે વ્યક્તિના મન અને બુદ્ધિ પર તાબો મેળવે છે. જલદ ગતિએ પ્રદક્ષિણા કરવાથી દેવતાના મારક તત્ત્વની લહેરોનો સ્પર્શ શરીરને થવાથી, તેમજ વાયુમંડળમાં મારક તત્ત્વને કારણે નિર્માણ થયેલ ઉષ્ણતાનું શરીરમાં સંક્રમણ થવાને લીધે અનિષ્ટ શક્તિનું પ્રકટીકરણ વધીને વ્યક્તિની પ્રાણશક્તિ ઓછી થઈને પ્રદક્ષિણા પછી થાક લાગે છે. વ્યક્તિ પર તાબો મેળવનાર મોટા ભાગની અનિષ્ટ શક્તિઓને લોકેષણા હોવાથી તેઓ ગુસ્સામાં વેગથી પ્રદક્ષિણા કરીને ભાવનાના સ્તર પર દેવતા સાથે ઉતાવળથી લડવાનો પ્રયત્ન કરે છે. વેગવાન પ્રદક્ષિણામાં અનિષ્ટ શક્તિઓ જ વ્યક્તિના દેહ પર પૂર્ણપણે તાબો મેળવીને વ્યક્તિને ચૈતન્ય ગ્રહણ કરવાથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે છે.

**મધ્યમ ગતિએ પ્રદક્ષિણા કરવી**

૧. દેવતાના તારક-મારક સંયુક્ત લહેરોની બ્રહ્માંડમાંની ગતિ મધ્યમ હોવાથી આ લહેરોથી સમાનતા દર્શાવનારી ગતિએ પ્રદક્ષિણા કરવાથી જીવને સગુણ, તેમજ નિર્ગુણ આ બન્ને તત્ત્વોનો ફાયદો મેળવવામાં મદદ થાય છે.

૨. તારક-મારક સંયુક્ત લહેરોમાં ઈચ્છા, તેમજ ક્રિયા લહેરો સમાન અવસ્થામાં હોવાથી મધ્યમ ગતિએ પ્રદક્ષિણા કરવાથી વાયુમંડળમાંના દેવતાના સગુણ-નિર્ગુણ તત્ત્વો સરખા જ પ્રમાણમાં જીવને મળે છે અને તેને કારણે તેના પ્રાણમયકોષ અને મનોમયકોષની શુદ્ધિ થાય છે.

૩. તારક-મારક સંયુક્ત લહેરોનું જીવના દેહમાં સંક્રમણ થવાને કારણે જીવની અનિષ્ટ શક્તિ સાથે લડવાની ક્ષમતા વધે છે, તેમજ તેનાથી ચૈતન્ય પણ ગ્રહણ કરી શકાય છે.

ઉપરના કારણોને લીધે સામાન્ય વ્યક્તિએ દેવતાને મધ્યમ ગતિથી પ્રદક્ષિણા કરવી.

**ધીમી ગતિએ પ્રદક્ષિણા કરવી**

૧. ધીમી ગતિએ પ્રદક્ષિણા કરવાથી બ્રહ્માંડમાંના નિર્ગુણ તત્ત્વોના લહેરો કાર્યરત થાય છે; પરંતુ સર્વસાધારણ જીવના દેહ પર રહેલા રજ-તમ કણોના આવરણને કારણે આ શાંત અને નિર્ગુણથી સંબંધિત લહેરો ગ્રહણ કરવાની ક્ષમતા જીવમાં ન હોવાથી દેવતાના ચૈતન્યનો જોઈએ તેટલો લાભ જીવને મળતો નથી.

૨. જેની ઉન્નતિ ૬૦ ટકા આધ્યાત્મિક સ્તરથી વધારે થઈ છે, એવા જીવનો પ્રદક્ષિણા કરવાનો વેગ આપોઆપ જ ઓછો થાય છે; કારણ કે તેના દેહમાંના સત્ત્વકણોનું પ્રમાણ વધારે હોય છે. એવા જીવની નિર્ગુણ તત્ત્વ ગ્રહણ કરવાની ક્ષમતા પણ વધારે હોવાને લીધે તેણે ધીમી ગતિએ પ્રદક્ષિણા કરવી જ હિતકારી ઠરે છે.

## અક્ષય તૃતીયા (અખા ત્રીજ)

'વૈશાખ સુદ ત્રીજને આ નામ હોવાનું કારણ મદનરત્ન ગ્રંથમાં આગળ મુજબ આપ્યું છે. - (શ્રીકૃષ્ણ કહે છે) હે યુધિષ્ઠિર, આ તિથિએ કરેલું દાન અને હવનનો ક્ષય થતો નથી; એટલા માટે એને મુનિઓની અક્ષય તૃતીયા એમ કહ્યું છે. દેવ અને પિતૃઓને ઉદ્દેશીને આ તિથિએ જે કર્મ કરવામાં આવે છે, તે બધું અક્ષય (અવિનાશી) થાય છે.

અક્ષય તૃતીયા સાડાત્રણ મુહૂર્તોમાંથી એક છે. આ તિથિને મહત્ત્વ આપવાનું કારણ એટલે કેટલાકોના મતે આ કૃતયુગનો અથવા ત્રેતાયુગનો પ્રારંભદિન છે.

**તહેવાર ઊજવવાની પદ્ધતિ**

સ્નાનદાનાદિ ધર્મકૃત્ય : કાળવિભાગનો કોઈપણ પ્રારંભદિવસ ભારતીયોને હંમેશા જ પવિત્ર લાગે છે; એટલા માટે એવી તિથિએ સ્નાનદાન, વગેરે ધર્મકૃત્યો કહેવામાં આવ્યા છે. આ દિવસનો વિધિ એ રીતે - પવિત્ર જળમાં સ્નાન, વિષ્ણુની પૂજા, જપ, હોમ, દાન અને પિતૃતર્પણ. આ દિવસે અપિંડક શ્રાદ્ધ કરવું અને તે ફાવતું ન હોય તો ઓછામાં ઓછું તલતર્પણ કરવું, એવું કહ્યું છે. આ દિવસે તડકાથી સંરક્ષણ કરનાર છત્રી, જોડા વગેરે વસ્તુઓ પણ દાન આપવાનાં હોય છે. ચૈત્રગૌરીનું તે દિવસે વિસર્જન કરવાનું હોય છે.